# રાજ્યના 10 જિલ્લામાં રેડ એલર્ટ

**10,891** લોકોનું સ્થળાંતર

**NDRF**-SDRF અને સેના સ્ટેન્ડબાય

**આજે** અને કાલે દક્ષિણ-મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી



ગાંધીનગર : ચોમાસાની સક્રિય સિસ્ટમના કારણે ગુજરાતમાં વરસાદનો વધુ એક તોફાની રાઉન્ડ શરૂ થયો છે. પશ્ચિમ મધ્ય છત્તીસગઢ અને વિદર્ભ વિસ્તાર પર રહેલું ડિપ્રેશન પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હોવાથી દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે.

શુક્રવારે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના સરેરાશ 185 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જેમાં સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં સૌથી વધુ 11.46 ઇંચ વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદ અને આગામી બે દિવસની ગંભીર આગાહીને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે 10 જિલ્લાઓમાં રેડ એલર્ટ અને 6 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે રાજ્ય સરકારે રાહત અને બચાવ કામગીરી માટે એનડીઆરએફ, એસડીઆરએફ અને સેનાને સ્ટેન્ડબાય રાખી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં અત્યાર સુધી 10,891 લોકોને સલામત સ્થળોએ સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. તેમાં નવસારીના 4,581, સુરતના 3,089, તાપીના 1,391, આણંદના 914, વડોદરાના 329, ડાંગના 311, નર્મદાના 178, ખેડાના 58 અને વલસાડના 40 લોકોનો સમાવેશ થાય છે. પૂર જેવી સ્થિતિ વચ્ચે નર્મદા જિલ્લામાં 10 અને છોટાઉદેપુર જિલ્લામાં એક વ્યક્તિનું મળી કુલ 11 લોકોનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ પશ્ચિમ વિદર્ભ અને દક્ષિણ મધ્યપ્રદેશ પર રહેલું ડિપ્રેશન આગામી 24 કલાકમાં વધુ નબળું પડી લો પ્રેશર એરિયામાં ફેરવાશે, પરંતુ તેની સાથે સક્રિય મોન્સૂન ટ્રફ, દક્ષિણ ગુજરાત ઉપરનો ઈસ્ટ-વેસ્ટ શિયર ઝોન અને ઓફશોર ટ્રફને કારણે ગુજરાતમાં વરસાદનું જોર યથાવત રહેશે. 1 ઓગસ્ટે સુરત અને નર્મદા જિલ્લામાં અતિથી અપવાદરૂપ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે અમદાવાદ, આણંદ, ખેડા, વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ભાવનગર અને બોટાદ જિલ્લામાં પણ અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. 2 ઓગસ્ટે અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર અને બોટાદ જિલ્લામાં પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ, 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અને ગાજવીજની આગાહી કરી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, નદી-નાળાઓમાં જળસ્તર વધવા અને શહેરી વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરતાં તંત્રે લોકોને અનાવશ્યક મુસાફરી ટાળવા તથા સ્થાનિક વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે.

## જાહેર પરીક્ષાઓ વધુ પારદર્શક અને વિશ્વસનીય બનશે: સીએમ ભૂપેન્દ્ર પટેલ

**‘યુવાનોના** ભવિષ્ય સાથે હવે કોઈ સમાધાન નહીં’

**જાહેર** પરીક્ષા સુધારા કાયદાને સીએમ ભૂપેન્દ્ર પટેલનો આવકાર

ગાંધીનગર: જાહેર પરીક્ષાઓમાં પેપર લીક અને અન્ય ગેરરીતિઓ પર કાબૂ મેળવવા કેન્દ્ર સરકારે વધુ કડક કાનૂની માળખું તૈયાર કરતાં ‘જાહેર પરીક્ષા ગેરરીતિ નિવારણ સુધારા વિધેયક-2026’ સંસદમાં પસાર થઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પસાર થયેલા આ સુધારા વિધેયકને દેશના કરોડો વિદ્યાર્થીઓના ભવિષ્યની સુરક્ષા માટેનું ઐતિહાસિક પગલું ગણાવી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેનું સ્વાગત કર્યું છે. તેમણે જણાવ્યું કે નવા કાયદાથી પેપર લીક માફિયાઓ સામે વધુ આકરી કાર્યવાહી શક્ય બનશે અને પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા તથા વિશ્વસનીયતા વધુ મજબૂત બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાનોના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરવાની જે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, તેનું આ કાયદો જીવંત પ્રતિબિંબ છે. તેમણે કહ્યું કે નવા સુધારા હેઠળ પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિ કરનારાઓ સામે કડક સજા, આકરા આર્થિક દંડ, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ઝડપી સુનાવણી તેમજ ટેકનોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા જેવી મહત્વપૂર્ણ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના કારણે જાહેર પરીક્ષાઓ વધુ પારદર્શક, વિશ્વસનીય અને સુરક્ષિત બનશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે દેશના યુવાનોને મેરિટના આધારે સમાન તક મળે અને તેમની મહેનતને યોગ્ય ન્યાય મળે તે માટે આ સુધારો અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર પણ ‘મેરિટ ફર્સ્ટ’ના સિદ્ધાંતને કેન્દ્રમાં રાખીને યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રતિબદ્ધ છે.

## ભારે વરસાદની આગાહીને પગલે GPSC અને TAT-HS પરીક્ષાઓ મોકૂફ

**TAT-HS** હવે 8 ઓગસ્ટે અને GPSC પ્રિલિમ્સ 9 ઓગસ્ટે યોજાશે, જૂની હોલ ટિકિટ માન્ય

અમદાવાદ : રાજ્યમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને આવતીકાલે 1 ઓગસ્ટે યોજાનારી ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)ની પ્રિલિમ પરીક્ષા તથા 2 ઓગસ્ટે યોજાનારી રાજ્ય પરીક્ષા બોર્ડની શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) - 2026 (TAT-HS)ની ગુજરાતી માધ્યમની મુખ્ય પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. બંને પરીક્ષાઓની નવી તારીખો જાહેર કરવામાં આવી છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ TAT-HSની મુખ્ય પરીક્ષા હવે શનિવાર, 8 ઓગસ્ટ, 2026ના રોજ યોજાશે. ઉમેદવારોએ નવી હોલ ટિકિટ ડાઉનલોડ કરવાની જરૂર રહેશે નહીં. અગાઉ ડાઉનલોડ કરેલી હોલ ટિકિટ જ માન્ય ગણાશે અને પરીક્ષા કેન્દ્ર તેમજ સમય પણ અગાઉ મુજબ જ રહેશે.

બોર્ડે ઉમેદવારોને પરીક્ષા સંબંધિત તમામ અપડેટ અને માહિતી સત્તાવાર વેબસાઈટ www.sebexam.org મળી શકશે.

બીજી તરફ, હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા 1 ઓગસ્ટે યોજાનારી પ્રાથમિક પરીક્ષા પણ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આ પરીક્ષા રવિવાર, 9 ઓગસ્ટ, 2026ના રોજ સવારે 11થી બપોરે 12 વાગ્યા દરમિયાન લેવામાં આવશે.

રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવનાને કારણે ઉમેદવારોની સલામતી અને પરીક્ષા વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ન પડે તે હેતુથી બંને પરીક્ષાઓની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનું સત્તાવાર રીતે જણાવાયું છે.

# શું દિલ્હીની પોલીસે સીજેપીની સંસદ કૂચ દરમિયાન ગોળીઓ અને પેલેટ ગન ચલાવી હતી?

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

કોઈ પણ લોકશાહી રાજ્યતંત્રનો પ્રાણ શાંતિપૂર્વક વિરોધ કરવાનો પ્રજાનો મૂળભૂત અધિકાર છે. જો વિરોધ કરનારનો અવાજ દબાવી દેવામાં આવે તો લોકશાહી ખતમ થાય છે અને સરમુખત્યારશાહીનો જન્મ થાય છે. દિલ્હીના જંતર મંતરમાં જે વિદ્યાર્થીઓ સરકારની નીતિઓ સામે પ્રદર્શન કરવા ભેગા થયા હતા તેઓ કોઈ આતંકવાદી નહોતા. NEET UPG નું પ્રશ્નપત્ર લીક થવાને કારણે જે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ખતરામાં આવી ગયું તેમના વતી તેઓ સરકારનો જવાબ લેવા આવ્યા હતા, તેમ છતાં તેમની પર બેરહમીથી લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો અને પેલેટ ગનથી ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. આ લાઠીચાર્જ અને ગોળીબારનો ભોગ બનેલા અનેક વિદ્યાર્થીઓ આજે વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. દિલ્હીની પોલીસ કેન્દ્ર સરકારના ગૃહ ખાતાંના આદેશ મુજબ કામ કરે છે, માટે સ્વાભાવિક છે કે લાઠીચાર્જ અને ગોળીબારનો આદેશ પણ કેન્દ્રના ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા જ આપવામાં આવ્યો હશે.

સુપ્રીમ કોર્ટ દ્વારા વિદ્યાર્થીઓ ઉપર કરવામાં આવેલા લાઠીચાર્જ અને ગોળીબાર પર ટિપ્પણી થયા પછી વિપક્ષો અને વિદ્યાર્થી નેતાઓ ગૃહ મંત્રી અમિત શાહનાં રાજીનામાંની માગણી કરી રહ્યા છે. આ માગણીથી સાવધાન થઈ ગયેલા અમિત શાહ સંસદમાં આવતા નથી. બીજી બાજુ જે વિદ્યાર્થીઓ દ્વારા સરકાર અને મોદીના વિરોધમાં નારાઓ પોકારવામાં આવ્યા હતા તેમના ઘરે જઈને દિલ્હીની પોલીસ તેમની ધરપકડ કરી રહી છે. વિદ્યાર્થીઓ ઉપર લાઠીચાર્જ કરનારા પોલીસ કર્મચારીઓના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે, પણ તેમની સામે કેસ કરવાને બદલે નિર્દોષ વિદ્યાર્થીઓ સામે કેસો કરીને તેમને ધમકાવવામાં આવી રહ્યા છે. આ હેરાનગતિથી ગુસ્સે થયેલા વિદ્યાર્થીઓ ફરી જંતર મંતર પર ભેગા થઈ રહ્યા છે અને હવે ગૃહ મંત્રી અમિત શાહનું રાજીનામું માંગી રહ્યા છે. આ બાજુ સંસદમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી પણ અમિત શાહનાં રાજીનામાંની માગણી પર અડગ છે. જંતર મંતર પર એકઠા થઈ રહેલા વિદ્યાર્થીઓનો મિજાજ જોતાં ધર્મેન્દ્ર પ્રધાન પછી તેમનું નવું નિશાન અમિત શાહ છે. અમિત શાહ મોદી સરકારમાં નંબર ટુનું સ્થાન ધરાવતા હોવાથી તેમનું રાજીનામું ભાજપ માટે પ્રતિષ્ઠાનો મુદ્દો બની ગયું છે. ૨૦ જુલાઈના રોજ CJP ના આહ્વાન પર જંતર-મંતરથી સંસદ ચલો કૂચ કાઢવામાં આવી હતી. આ કૂચ દરમિયાન દિલ્હી પોલીસ અને રેપિડ એક્શન ફોર્સ દ્વારા વિદ્યાર્થીઓ સામે બળપ્રયોગ કરવામાં આવતા વીડિયો સામે આવ્યા હતા. પોલીસ કાર્યવાહી બાદ ઇજા પામેલા ઘણા લોકોને રામ મનોહર લોહિયા હોસ્પિટલ, સફદરજંગ હોસ્પિટલ અને લેડી હાર્ડિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક મીડિયા રિપોર્ટ સામે આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પોલીસે માત્ર ઇલેક્ટ્રિક શોક બેટન અને કથિત રીતે પેલેટ ગનનો ઉપયોગ કર્યો ન હતો, પરંતુ હવે ગોળીબારનો મામલો પણ પ્રકાશમાં આવ્યો છે. હકીકતમાં, ૨૭ જુલાઈના રોજ, ધ હિન્દુ અખબારના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૨૦ જુલાઈના રોજ દિલ્હીમાં માર્ચમાં ભાગ લેનારી ૩૨ વર્ષીય મહિલાને ગોળી મારી દેવામાં આવી હતી. ગુરુગ્રામમાં ખાનગી નોકરી કરતી ૩૨ વર્ષીય નૂતન જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા આવી હતી. ધ હિન્દુના અહેવાલ મુજબ, તેણી કહે છે કે તેણીને ગોળી વાગી હતી. તેણી એમ પણ કહે છે કે તેનો કાન કપાઈ ગયો હતો અને તેને આરએમએલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેને ઘણા ટાંકા લેવામાં આવ્યા હતા. નૂતન હવે રાંચીમાં છે, જે તેના ગૃહ રાજ્ય ઝારખંડ છે. નૂતનનો દાવો છે કે બે કલાકની સર્જરી પછી, તેને માત્ર ૧૫ મિનિટમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.



અગાઉ દિલ્હી પોલીસના રેપિડ એક્શન ફોર્સ પર વિરોધીઓ સામે પેલેટ ગનનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં આવા ચાર કેસ નોંધાયા છે, જેમાં પેલેટ ગન જેવી ઇજાઓનો દાવો કરવામાં આવ્યો છે, જેમાં એક પત્રકારનો સમાવેશ થાય છે. ૨૦ જુલાઈના રોજ મોડી રાત્રે CJPના પ્રવક્તાએ એક વીડિયો શેર કરીને કહ્યું હતું કે દિલ્હી પોલીસે વિરોધ કરી રહેલા લોકો પર પેલેટ ગનનો ઉપયોગ કર્યો હતો. તેના જવાબમાં દિલ્હી પોલીસે X પર લખ્યું કે શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર પોલીસ દ્વારા પેલેટ ગનનો ઉપયોગ કરવાના દાવા સંપૂર્ણપણે ખોટા છે. જનતાને વિનંતી છે કે તેઓ અપ્રમાણિત માહિતી ફેલાવે નહીં. કોઈપણ માહિતી પોસ્ટ કરતાં પહેલાં કે ફોરવર્ડ કરતા પહેલાં તેની સત્તાવાર સ્ત્રોતમાંથી ચકાસણી કરો. અફવાઓ અથવા ભ્રામક માહિતી ફેલાવનારાઓ સામે યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

૨૪ જુલાઈના રોજ, રાહુલ ગાંધીએ ૧૦, જનપથ રોડ પર એક પ્રદર્શનકારી સાથે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેણે દાવો કર્યો હતો કે તેને પેલેટ ગન વાગી હતી. ૧૦, જનપથની બહાર સાહિલ લાછોબ સાથે ઉભા રહીને રાહુલ ગાંધીએ કહ્યું કે સરકાર વિદ્યાર્થી વિરોધીઓ સામે પેલેટ ગનનો ઉપયોગ ન થવાનું કહીને દેશને ગેરમાર્ગે દોરી રહી છે. સાહિલે જણાવ્યું કે તેની આંખમાંથી ગોળી કાઢવા માટે એક સર્જરી કરવામાં આવી છે અને બીજી સર્જરી બાકી છે. ઈજાગ્રસ્ત થયા બાદ તેને પહેલાં સફદરજંગ હોસ્પિટલ અને પછી એઈમ્સ ટ્રોમા સેન્ટર લઈ જવામાં આવ્યો હતો.

રાહુલ ગાંધીએ ૨૦ જુલાઈના રોજ દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સંસદ કૂચ દરમિયાન પોલીસની કડકતા અંગે અમિત શાહની ભૂમિકા પર અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા. બુધવારે સાંજે એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું કે પહેલી શક્યતા એ છે કે અમિત શાહે પેલેટ ગન અને લાઠીચાર્જનો ઉપયોગ કરવાનો આદેશ આપ્યો હતો. જો એમ હોય, તો તેઓ દોષિત છે. બીજી શક્યતા એ છે કે તેઓ આ વાતથી અજાણ હતા. જો એમ હોય, તો તેઓ અસમર્થ છે. તેમણે પોતાના એક્સ-હેન્ડલ પર લખ્યું કે અમિત શાહ સંસદમાં આવીને વિદ્યાર્થીઓ સામેની હિંસા વિશે વાત કરવાથી કેમ ડરે છે? આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ક્યાંક ઊંડાણમાં તેઓ પોતાનાં કૃત્યથી ડરે છે. અગાઉ પીએમઓમાં રાજ્યમંત્રી જીતેન્દ્ર સિંહે લોકસભામાં કહ્યું હતું કે મંત્રીઓ ગોળીબાર કરવાનો આદેશ આપતા નથી અને પ્રદર્શનકારીઓ પર કોઈ ગોળી ચલાવવામાં આવી નથી. NEET પેપર લીક સામે દેશવ્યાપી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન, ૨૫ જુલાઈના રોજ, બિહારના સિવાનમાં વિરોધ પ્રદર્શન દરમિયાન AK-47 રાઈફલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૨૫ જુલાઈના રોજ, સિવાન શહેરમાં વિદ્યાર્થી જૂથો દ્વારા બે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ, વિદ્યાર્થી સંગઠન AISA દ્વારા બોલાવવામાં આવેલ બિહાર બંધ અને બીજું, સિવાનના ગાંધી મેદાન ખાતે સ્થાનિક વિદ્યાર્થીઓના સ્વતંત્ર જૂથ દ્વારા આયોજિત શાંતિપૂર્ણ સભા. AISA એ ૨૩ જુલાઈએ બિહાર બંધનું એલાન આપ્યું હતું, જ્યારે વિદ્યાર્થીઓના સ્વતંત્ર જૂથે ૨૨ જુલાઈએ જ પોતાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. કાર્યક્રમ સમાપ્ત થયા પછી, કેટલાક વિરોધીઓ ગાંધી મેદાનમાં આવ્યા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. અહીં પોલીસ સાથે તેમનો પહેલો સંઘર્ષ થયો. આ દરમિયાન, ગાંધી મેદાનના દક્ષિણ ભાગમાંથી પથ્થરમારો શરૂ થયો, જેમાંથી એક પથ્થર એસપી પૂરણ કુમાર ઝાને વાગ્યો. ત્યારબાદ પોલીસે AK 47 વડે ગોળીબાર કર્યો હતો. સિવાનમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન AK 47 ના ઉપયોગને લઈને થયેલા હોબાળા બાદ બિહાર પોલીસ બદનામ થઈ ગઈ હોય તેવું લાગે છે. બિહાર પોલીસ મુખ્યાલયે ૨૭ જુલાઈના રોજ એક પ્રેસ રિલીઝ બહાર પાડી હતી. નિવેદન અનુસાર, બંધ સમર્થકોથી ઘેરાયેલા જેપી ચોક નજીક તૈનાત પોલીસ કર્મચારીઓમાંના એક કોન્સ્ટેબલ અભિષેક કુમારે જીવન અને સરકારી સંપત્તિની સુરક્ષા માટે બેરલ ઉપર તરફ રાખીને એકે-47 ગનમાંથી ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું. કોન્સ્ટેબલ અભિષેક કુમારને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને વિભાગીય કાર્યવાહી ચાલુ છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીથી લઈને બિહારમાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવ સુધી બધાએ AK 47 ના ઉપયોગ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેજસ્વી યાદવે કહ્યું કે સમ્રાટ સરકાર બિહારને પોલીસ સ્ટેટમાં ફેરવી રહી છે, જ્યારે રાહુલ ગાંધીએ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું કે દિલ્હીમાં પેલેટ ગન અને બિહારમાં AK 47. આખી સિસ્ટમ વિદ્યાર્થીઓ સામે ઘાતક છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**સુપ્રીમ કોર્ટ દ્વારા વિદ્યાર્થીઓ ઉપર કરવામાં આવેલા લાઠીચાર્જ અને ગોળીબાર પર ટિપ્પણી થયા પછી વિપક્ષો અને વિદ્યાર્થી નેતાઓ ગૃહ મંત્રી અમિત શાહનાં રાજીનામાંની માગણી કરી રહ્યા છે**

# BUSINESS મિત્ર

**FIIનો વધતો પ્રવાહ અને મજબૂત પરિણામોથી માર્કેટમાં રોનક; મીડિયા અને ઓટો શેરોમાં શાનદાર તેજી**

## શેરબજારમાં હેટ્રિક: સેન્સેક્સ 78,000 અને નિફ્ટી 24,400 પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 31:** સતત ત્રીજા દિવસે ભારતીય શેરબજારમાં સુધારાની ચાલ જોવા મળી હતી. જુન કવાર્ટરની કમાણી, પસંદગીના શેરોમાં ખરીદી અને એફઆઈઆઈનો પ્રવાહ વધ્યો હતો, રોકાણકારોના સેન્ટિમેન્ટને ઉત્સાહિત રહ્યા હતા. જેના લીધે નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 24400 પોઈન્ટની સપાટી કુદાવી હતી. જ્યારે સેન્સેક્સ 78000 પોઈન્ટની સપાટી કુદાવી હતી.

સેક્ટર વાઈઝ જોઈએ તો મીડિયા, ઓટો અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં વધારો થયો હતો, જ્યારે આઈટી, એફએમસીજી અને કન્ઝયુમર ડયુરેબલ્સ સેકટરના શેરોમાં ઉપલા સ્તરેથી નફાવસુલી જોવા મળી હતી.

કોમોડિટીઝ બજારમાં સપ્ટેમ્બર સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 1.07 ટકા એટટલે કે 95 સેન્ટ ઘટીને 88.08 ડોલર પ્રતિ બેરલ ભાવ બોલાતો હતો. બીએસઈ સેન્સેક્સ 166.49 પોઈન્ટ એટલે કે 0.21 ટકા વધીને 78000 પોઈન્ટની સપાટી કુદાવીને 78094.64 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 78272 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77809 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 66.45 પોઈન્ટ એટલે કે 0.27 ટકા વધીને 24383.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24429 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24299 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 117.35 પોઈન્ટ એટલે કે 0.21 ટકા વધીને 57264.85 પોઈન્ટના બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે આરતી ઈન્ડ.માં 15.45 ગણા, ટોરેન્ટ ફાર્મામાં 11.21 ગણા, થર્મેક્સ લિ.માં 5.59 ગણા, હ્યુન્ડાઈ મોટર્સમાં 5.46 ગણા અને ડાબર ઈન્ડિયામાં 4.47 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે નીવાબુપા ઈન્સ્યોરેન્સમાં 24.25 ગણા, થર્મેક્સ લિ.માં 20.97 ગણા, આરતી ઈન્ડ.માં 20.77 ગણા, હ્યુન્ડાઈ મોટરમાં 8.53 ઘણા અને એપ્ટસ વેલ્યુ હાઉસીંગમાં 6.57 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.37 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.44 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઈ ખાતે 2565 શેરો વધ્યા હતા, જ્યારે 1658 શેરો ઘટ્યા હતા, જ્યારે 210 શેરોમાં કોઈ ફેરફાર થયો નહતો.

મીડિયા શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી મીડિયા ઈન્ડેકસ 2.09 ટકા વધ્યો હતો. જેમાં નઝારા ટેકનો, ઝી એન્ટર, નેટવર્ક 18 મીડિયા, ટીપ્સ મ્યુઝીક, સારેગામા ઈન્ડિયા અ હેથવે કેબલ્સ સુધર્યા હતા, બીજી તરફ, પ્રાઈમ ફોકસ, ડીબી કોર્પ અને સન ટીવી નેટવર્ક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં સુધારા સાથે આગળ વધ્યા હતા. જે એમેઝોનની મજબૂત કમાણી દ્વારા વૈશ્વિક રેલીને ટ્રેક કરે છે. જ્યારે વોલસ્ટ્રીટની પાછળ મોટા ભાગના એશિયન બજારોમાં સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે દક્ષિણ કોરિયાના ભાગી પડેલા બજારમાં રેકોર્ડ રિબાઉન્ડ જોવા મળ્યું હતું. જેના કારણે એઆઈ સંબંધિત શેરોમાં વેચાણનો અંત આવી શકે છે તેવી આશા વધી રહી છે.

યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજદર યથાવત રાખ્યા બાદ બેન્ક ઓફ જાપાને પણ આજે વ્યાજદર સ્થિર રાખ્યા હતા, જેના પગલે આવનારા સપ્તાહમાં ભારતીય રિઝર્વ બેન્કની મોનીટરી પોલિસીની બેઠક મળી રહી છે, જેમાં પણ વ્યાજદર સ્થિર રહેવાની સંભાવના છે. જોકે, ચીનની ફેકટર પ્રવૃત્તિ અણધારી રીતે સંકોચાઈ હતી, સત્તાવાર મેન્યુફેકચરીંગ પીએમઆઈ જુનમાં 50.3થી ઘટીને 49.2 પર આવી ગયો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.17 ટકા, કેક 0.77 ટકા અને ડેક્સ 0.30 ટકા સુધારા સાથે ચાલી રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 3.92 ટકા, હેંગસેંગ 0.32 ટકા, તાઈવાન 7.39 ટકા, કોસ્પી 15.19 ટકા, જકાર્તા 0.80 ટકા અને શાંઘાઈ 0.72 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.80 ટકા ઘટ્યા હતા.

### રૂપિયો સુધારીને 95.50ની નીચે સરક્યો

કરન્સી બજારમાં રૂપિયામાં સુધારો જોવાયો હતો. ગઇકાલે ડોલરમાં નજીવો સુધારો રહ્યો હતો, પણ આજે ફરીથી રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી હતી અને રૂપિયો 95.50ની નીચે સરકી ગયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 30 પૈસા સુધરીને 95.39ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.69ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.63, પાઉન્ડ 128.89, કેનેડિયન ડોલર 68.12, ઓસ્ટ્રેલિયન ડોલર 66.76, જાપાનીઝ યેન 0.5961, સીંગાપોર ડોલર 74.51ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.38 રૂ. |
| યુરો | 109.63 રૂ. |
| પાઉન્ડ | 127.89 રૂ. |
| યેન | 0.5952 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 166.49 | 78094.64 |
| નિફ્ટી | 66.45 | 24383.60 |
| બેન્ક નિફ્ટી | 117.35 | 57264.85 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 8.32 | 1141.20 |
| બજાજ ફિનસર્વ | 6.27 | 2029.10 |
| જિયો ફાઇનાન્સીયલ | 3.85 | 256.46 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.50 | 3398.50 |
| અદાણી પોર્ટસ | 1.95 | 1696.50 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 2.72 | 2365.60 |
| ઇટર્નલ | 2.64 | 302.45 |
| મેક્સ હેલ્થકેર | 2.34 | 1098.50 |
| ઇન્ફોસીસ | 2.16 | 1130.10 |
| વિપ્રો | 1.44 | 183.65 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 8.11 | 1141.70 |
| બજાજ ફિનસર્વ | 6.60 | 2035.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.58 | 3396.35 |
| અદાણી પોર્ટસ | 2.12 | 1699.50 |
| ટાટા સ્ટીલ | 1.52 | 189.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 2.73 | 2365.60 |
| ઇટર્નલ | 2.72 | 302.35 |
| ઇન્ફોસીસ | 2.26 | 1130.00 |
| આઇટીસી | 1.51 | 280.95 |
| ઇન્ટરગ્લોબ | 1.17 | 5170.75 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ ’’ | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ ’’ | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ ’’ | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૩૩૦ |
| તેજાબી સોનું | ૧૪૭૨૪૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૯૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૪૩૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૩૩૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૪૨૫૦ |
| ચાંદી સિક્કા | ૨૨૫૭૫૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૦૦૦ |
| એમ-30 | ૫૦૦૦ |
| એસ-30 | ૪૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૯૦૦ |
| એસ-30 | ૪૮૦૦ |

# HUF પોતાની આવકવેરામાંથી સભ્યને આપે તો?

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

HUF એ આવકવેરા કાયદા હેઠળ અલગ અસ્તિત્વ ધરાવતું ટેક્ષ હેડ (Entity) છે. જેની આવક તેના કર્તા અને સભ્યો થી તદ્દન અલગ ગણાય છે. આવા HUFલગ દરજ્જો (Status) ધરાવતા હોય તેમનુ આવકનુ રીટર્ન અલગ PAN નંબર થી ભરાય છે. ઈન્કમટેક્ષનો નવો ટેક્ષ સીસ્ટમ મુજબ 4 લાખ સુધી આવક કરમુક્ત છે અને ત્યારબાદ 4 લાખ થી 8 લાખ સુધી 5% છે. આ પ્રમાણે આગળ સ્લેબ વધે છે. HUF ને ટેક્ષ રીબેટ નો લાભ મળતો નથી 12 લાખ ની આવક સુધી નો કરમુક્તિનો લાભ મળતો નથી.

**કયા પ્રકાર ની આવક**

HUF ને ઘણા પ્રકારની આવક થઈ શકે છે. પગાર સિવાયની આવક જેવી કે મુડી ઉપર વ્યાજ, મુડી રોકાણ માંથી ધંધાકિય આવક , ઘરભાડા આવક વિગેરે થઈ શકે છે. મુડી કે રોકાણ આધારિત કમિરાન આવક થઈ શકે છે. આવી તમામ આવક કરને પાત્ર થયા પછી સભ્યોને આવી આવક કે રકમ ચૂકવે તો કલમ-10 (2) હેઠળ સભ્યોના હાથમાં કરમુક્ત છે.

કલમ-10(2) માં જણાવ્યા મુજબ કલમ-64(2) ને ધ્યાનમાં લઈને કુટુંબ (HUF) ની આવી આવક માં થી (ટેક્ષ ચૂકવ્યા પછી) HUF પોતાના સભ્યોને તે વહેંચી આપે કે અમૂક રકમ આપે તો તે કુટુંબની Estate ની રકમ માંથી હોય સભ્યોના હાથમાં કરપાત્ર ગણાતી નથી.

**HUF ના સભ્યો.**

HUF ના સભ્યોમાં પતિ-પત્ની, દિકરા-દિકરીઓ તથા પોત્ર-પોત્રીઓ એમ ચાર પેઢી સુધી સભ્ય ગણાય છે. એક વડવા (ancestor) ના આવા સીધી લીટીના ચાર પેઢીના સભ્યો આમા સમાવિષ્ટ છે. ઉપરના પેરામાં જોયું તેમ HUF પોતાની Estate ની વક પર આવકવેરો ભરીને રહેતી આવક (રકમ) પોતાના સભ્યોને આપે તો તે શભ્યોના હાથમાં પુનઃ કરપાત્ર થતી નતી કારણ કે તે HUF ની આવક Estate ની વહેંચણી છે.

HUF ના સભ્યોમાં HUF ના સુધારેલ કાયડદા મુજબ પુત્રીઓ (પરિણિત પુત્રીઓ) પણ coparencers ગણાય છે.તેથી HUF તેની પુત્રીઓને પણ આવકમાથી રકમ આપવા માટે સમર્થ છે.આવી રકમ બેંકીગ ચેનલથી આપવી હિતાવહ છે. અગાઉ ની ભેગી થયેલરકમ કે જેના ઉપર ટેક્ષ ચૂકવેલ હોય એવી આવકમાંથી પણ HUF પોતાના સભ્યોને કુટુંબના સભ્યોની રજામંદીથી રકમ ચૂકવી શકે.

**વિવાદ**

આવતા અંકમા આપણે જાઈશું કે કલમ-56(2)(x) માં HUF ને સભ્યો તરફથી બક્ષિસ મળે થો HUF ના હાથમાં સંપૂર્ણ કરમુક્ત છે. અને આ પ્રાવધાન તા.1-10-2009 થી અમલમાં આવ્યું. આ નવા પ્રાવધાન ને નવેસર થી વિવાદ જણાવ્યો છે કે HUF સભ્યોને આવકમાંથી રકમ આપે તે તો ઉપર જોયું તેમ સભ્યોના હાથમાં કરમુક્ત છે પરંતુ HUF ની ટેક્ષ ભરેલ રકમ કે બચત અથવા મિલ્કતમાંથીસભ્યોને બક્ષિસ આપે તો તે સભ્યોના હાથમાં કરમુક્ત છે.

## ભારતમાં એક કરોડ ઈલેકટ્રીક વાહનોનું વેચાણ થયું

**2020માં** દેશમાં ઇલે. વાહનોનો હિસ્સો 0.71 ટકા હતો, તે 2026માં 8.26 ટકા પર પહોંચ્યો

નવી દિલ્હી, તા. 31: ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોને અપનાવવાની ગતિ હવે પહેલા કરતા વધુ ઝડપી છે. વૈશ્વિક તણાવના લીધે પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ, ઓછા ખર્ચ અને પર્યાવરણ પ્રત્યે વધતી જાગૃતિની અસર હવે સ્પષ્ટ દેખાઈ રહી છે. સરકારનું કહેવું છે કે આગામી વર્ષોમાં ચાર્જિંગ નેટવર્ક મજબૂત થતાં ઈવીનો ઉપયોગ ઝડપથી વધશે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ સંસદને જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2020 માં દેશમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો માત્ર 0.71 ટકા હતો, જે નાણાકીય વર્ષ 2026 સુધીમાં વધીને 8.26 ટકા થઈ ગયો છે. આવી સ્થિતિમાં, માત્ર 6 વર્ષમાં ઈવીનો હિસ્સો 11 ગણાથી વધુ વધ્યો છે. આ આંકડા વાહન પોર્ટલના આધારે તૈયાર કરવામાં આવ્યા છે.સરકારના જણાવ્યા અનુસાર, 26 જુલાઈ, 2026 સુધીમાં, દેશમાં કેટેગરીમાં 1,00,23,396 ઈલેક્ટ્રિક વાહનોની નોંધણી કરવામાં આવી છે. ભારતમાં પ્રથમ વખત નોંધાયેલ ઈવીની સંખ્યા 1 કરોડને વટાવી ગઈ છે. આ સિદ્ધિ દર્શાવે છે કે ઈલેક્ટ્રિક વાહનો હવે મોટા શહેરો સુધી મર્યાદિત નથી રહ્યા, પરંતુ નાના શહેરો અને કસબાઓમાં પણ તેમની માંગ સતત વધી રહી છે.

ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યામાં વધારો થવાથી સરકાર ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ ઝડપથી કામ કરી રહી છે. 31મી માર્ચ 2026 સુધીમાં, દેશમાં 52718 જાહેર ઈવી ચાર્જિંગ સ્ટેશનો ઉપલબ્ધ હતા. સરકારે એ પણ સ્પષ્ટતા કરી છે કે ખાનગી કંપનીઓ પણ વીજ મંત્રાલયની 2024 માર્ગદર્શિકા હેઠળ દેશમાં ઈવી ચાર્જિંગ સ્ટેશન સ્થાપી શકે છે.